માલપુરના પાંચ પાટીદાર યુવાનો મહીસાગર નદીમાં ડૂબતા હાહાકાર

નદીવાળા ગોવિંદપૂરના એક પરિવારના 3 યુવાનો, ટીસ્કીનો ૧ અને સોમપુર ગામનો ૧ યુવાન ડૂબ્યો

મહીસાગર ફાયરબ્રિગેડની ટીમને ૪ યુવાનોના મૃતદેહ શોધવામાં સફળ, ૧ યુવાનની મૃતદેહ લાપત્તા

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના ગ્રામવિસ્તારના ૧૫ પાટીદાર યુવાનો કાળઝાળ ગરમીમાં રાહત મેળવવા અને વેકેશનની મઝા માણવા બાઈકો લઈ મહીસાગર નદી નજીક પીકનીક મનાવવા ગયા હતા જ્યાં

મહીસાગર માતાના મંદિર નજીક નદીમાં નાહવા પડતા અચાનક ૫ યુવાનો ડૂબતા ભારે ચકચાર મચી હતી અન્ય યુવાનોએ સમગ્ર ઘટનાની જાણ યુવાનોના પરિવારજનો ને કરતા ભારે ચકચાર મચી હતી અને ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પાટીદારો ઉમટી પડ્યા હતા મહીસાગર જિલ્લાની ફાયરબ્રિગેડની ટીમ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ડૂબેલા યુવાનોની શોધખોળ હાથધરાતા ૪ યુવાનોની લાશ બહાર કાઢતા પરિવારજનોમાં ભારે આક્રંદ છવાયો હતો મહીસાગર નદીમાં માલપુર ના ગ્રામ્ય વિસ્તારના ૫ યુવાનો ડૂબવાના સમાચારથી જિલ્લામાં ભારે શોકની લાગણી છવાઈ હતી

સૂત્રોના જણાવ્યા અનુસાર માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ૧૫ યુવાનો મહીસાગર નદીમાં નાહવા જતા તેમાંથી ૫ યુવાનો ડૂબી જતા મોત નિપજતા ભારે હાહાકાર મચ્યો હતો જેમાં નદીવાળા ગોવિંદપુરના એકજ પરિવારના પ્રજેશ,કૃપાલ અને ધ્રુવ નામના ત્રણ યુવાનો,ટીસ્કીનો ઈશાન અને ટીસ્કીનો તૃષિત નામનો યુવાનો ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા બહારન નીકળતા નદીમાં નાહતા યુવાનોમાં ભારે હડકંપ મચ્યો હતો અને આ અંગે યુવાનોના પરિવારજનોને જાણ કરતા પરિવારજનો સહીત મોટી સંખ્યામાં પાટીદાર સમાજ ના લોકો સહીત આજુબાજુથી ગામલોકો દોડી આવ્યા હતા અને યુવાનોને શોધવા મહીસાગર ફાયરબ્રિગેડ ની ટીમ પોલીસ અને સ્થાનિક તરવૈયા દોડી આવી નદીમાં ડૂબેલા યુવાનોને શોધવા તપાસ હાથધરાતા સાંજના ૫ વાગ્યા સુધી ટીસ્કીના ઈશાન ,ગોવિંદપૂર ના કૃપાલ,પ્રજેશ અને ધ્રુવની લાશ મળી આવી હતી જયારે સોમપુરના તૃષિતની લાશ શોધવા ભારે જહેમત હાથધરી હતી મહીસાગર નદીના કિનારે ૪ યુવકોની લાશ મળી આવતા પરિવારજનોમાં ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.




મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયતનું નવિન મકાન કલ્લેખા ગામમાં બનાવવા પ્રજાજનોની માંગણી

ભિલોડા, તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નાંદોજ ગ્રૂપ ગ્રામ પંચાયતમાંથી વિભાજીત થયેલ મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયતનું નવિન મકાન કલ્લેખા ગામમાં બનાવવા સંદર્ભે ઘણા લાંબા સમયથી વાદ-વિવાદ ચાલતો હતો.લોકશાહીની પરંપરા મુજબ વાદ-વિવાદનો અંત આવતાં કલ્લેખા ગામમાં મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયતનું નવિન પંચાયત મકાન બનાવવાનો ઠરાવ બહુમતીથી સામાન્ય સભામાં પસાર કરાયો હતો.મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તારના જાગૃત પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં કલ્લેખા ગામમાં નવિન પંચાયતનું મકાન બનાવવા માટે ૫૪૦ લોકોએ તરફેણમાં હાથ ઉંચા કર્યા હતા.મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયતનું નવિન મકાન કલ્લેખા ગામમાં બનાવવામાં આવે તો તમામ પ્રજાજનોને ફાયદો થઈ શકે તેમ છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે અમુક લોકો મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયતનું નવિન મકાન મોંધરી ગામમાં બને તેવી આશા સેવી રહ્યા છે.મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયતની સામાન્ય સભા તાજેતરમાં યોજાઈ હતી.૫૪૦ લોકોએ હાથ ઉંચા કરી જણાવ્યું હતું કે નવિન મકાન કલ્લેખા ગામમાં બનાવવા સંદર્ભે ઠરાવ પસાર કરાયો હતો.૩૪૦ લોકોએ હાથ ઉંચા કરી જણાવ્યું હતું કે નવિન મકાન મોંધરી ગામમાં બને તેમ ઈચ્છી રહ્યા છે.

મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તારના શંકરપુરા ગામના અશોકભાઈ પટેલ,શંકરભાઈ પટેલ સહિત જાગૃત પ્રજાજનોને જણાવ્યું હતું કે,નાંદોજ ગ્રૂપ ગ્રામ પંચાયતમાંથી વિભાજીત થયેલ મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તારના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયતનું નવિન અદ્યતન મકાન કલ્લેખા ગામમાં બનાવવામાં આવે તેવી આશા સેવી રહ્યા છે.

મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયતની સામાન્ય સભા અને ગ્રામ સભામાં સરપંચ, ડે.સરપંચ,ગ્રામ પંચાયતના સભ્યો, વહીવટી તંત્રના અધિકારીઓ અને ગ્રામજનોની હાજરીમાં સર્વાનુમતે કલ્લેખા ગામમાં નવિન મકાન બનાવવાનો નિર્ણય કરાયો હતો.મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયતનું નવિન મકાન કલ્લેખા ગામમાં બનાવવા માટે સામાન્ય સભામાં વહીવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતીમાં ઠરાવ પસાર કરાયો હતો.

હિમતનગરમાં કોંગ્રેસ દ્વારા વિરોધ કરાયો

સાબરકાંઠા જીલ્લાના હિમતનગરમાં રવિવારે બંધના એલાનને લઈને ખેડૂતની વહારે આવેલી કોંગ્રેસ ધ્વારા રસ્તા રોકી અને રોડ પર શાકભાજી નાખી વિરોધ કરવામાં આવ્યો હતો.અમદાવાદ થી ઉદેપુર નેશનલ હાઈવે ૮ પર જીલ્લા કોંગ્રેસ પ્રમુખ મણીલાલ પટેલ,કમલેશ પટેલ,મૌલેશભાઈ સોની,ગજેન્દ્રસિંહ રહેવર, અને નિર્મલાબેન પંચાલની આગેવાની હેઠળ કાર્યકર્તાઓએ મોતીપુરા વિસ્તારમાં રસ્તા પર આવી કોંગ્રેસના કાર્યકરોએ ભાજપ વિરોધી સુત્રોચ્ચાર કરી રસ્તો રોક્યો હતો ત્યારબાદ શાકભાજી રોડ પર નાખી હતી તો બીજી તરફ દૂધ પણ રોડ પર ઢોળી વિરોધ દર્શાવ્યો હતો જેને લઈને પોલીસે ૯ મહિલા સહીત ૩૩ કોંગ્રેસના કાર્યકરોની એ-ડીવીઝન પોલીસ સ્ટેશને અટકાયત કરી લઈ જવાય હતા.

મોડાસાના શિણાવાડ રોડ પર કોંગ્રેસે ટાયર સળગાવી ચક્કાજામ

મોડાસા કોંગ્રેસ સમિતિ દ્વારા રવિવારે મોડાસા-મેઘરજ રોડ પર આવેલા શિણાવાડ ગામે મુખ્યમાર્ગ પર ટાયર સળગાવી ખેડૂતોના પોષણક્ષમ ભાવ મુદ્દે અને પેટ્રોલ-ડીઝલ ના ભડકે બળતા ભાવ અને મોંઘવારી અને કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર દ્વારા વીજળી, બિયારણનો ભાવ વધારો, અપૂરતો વીજળી પુરવઠો સહીત અનેક સમસ્યાનો ખેડૂતો સામનો કરી રહ્યા હોવાથી અને દેવાના તળે આત્મહત્યા કરવા મજબુર બનવું પડતું હોવાથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મેળવવાની માંગ કરતા રોડ પર ટાયરો સહીત અન્ય ચીજ વસ્તુઓ સળગાવી ચક્કાજામ કરતા વાહનો ટ્રાફિકમાં ફસાતા આ અંગે મોડાસા રૂરલ પોલીસને જાણ થતા તાબડતોડ પોલીસ કાફલા સાથે ધસી જઈ ચક્કાજામ કરનાર મોડાસા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ,યુથ કોંગ્રેસ ના અનિલ પરમાર અને જલદીપ પટેલ સહીત ૬ જેટલા કાર્યકરોની અટકાયત કરી ચક્કાજામ દૂર કરી ટ્રાફિક પૂર્વરત કરાયો હતો.

ખેડબ્રહ્મા કોલેજમાં લાયબ્રેરી સાયન્સનો ડિગ્રી કોર્સ શરૂ થયો

ડી.ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે. જે પટેલ કોમર્સ કૉલેજ, ખેડબ્રહ્મામાં શાળા, કૉલેજ, સરકારી તેમજ ખાનગી ક્ષેત્રે ગ્રંથપાલ તરીકેની કારકિર્દી ઘડતરમાં ઉપયોગી એવા ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંલગ્ન એક વર્ષની લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ (B. Lib) નો એકસટર્નલ કોર્સ જુલાઈ - ઓગસ્ટ ૨૦૧૮થી શરૂ કરવામાં આવ્યો છે. જેનો લાભ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા સહિત ઉત્તર ગુજરાતના ગ્રંથાલય ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને મળશે.

ભિલોડાના ધોલવાણી ગામ પાસે કાર અને બાઈક સામ-સામે ટકરાતાં બાઈકસવાર બેના મોત

ભિલોડા,તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધોલવાણી ગામ પાસે કાર અને બાઈક સામ-સામે ટકરાતાં ધનસોર ગામના બાઈક સવાર બે યુવાનોના ઘવાયા હતા.બાઈક સવાર બે યુવાનોના શરીર ઉપર અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.બે નવયુવાન મૃતકોના નામ નીચે



મોત નિપજ્યા હતા. એક બાઈક સવાર યુવાન ગંભીર રીતે ઘવાયો હતો. સમી સાંજે ઘટનાસ્થળે લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ચંદુભાઈના જણાવ્યા મુજબ ધોલવાણી-વિજયનગર ધોરીમાર્ગ ઉપર ધોલવાણી ગામ પાસે વન વિભાગની નર્સરી સામે મારૂતી સ્વીફ્ટ કાર નંબર.જી.જે.૩૧.એ. ૮૧૨૭ ના ચાલકે કાર પુર ઝડપે કાર હંકારતાં અકસ્માત સર્જાતાં બજાજ પલ્સર બાઈક નંબર.જી.જે.૧૮. એ.એલ. ૮૯૮૭ ને ટક્કર મારતાં બાઈક ઉપર પસાર થઈ રહેલા ધનસોર ગામના ત્રણ યુવાનો ગંભીર રીતે મુજબ છે. (૧) અમિતભાઈ અસારી (૨) હાર્દિકભાઈ અસારી (રહેવાસી. ધનસોર, ભિલોડા) (૩) ધવલભાઈ અસારી અકસ્માત દરમ્યાન ગંભીર રીતે ઘવાતાં વધુ સારવાર અર્થે હિંમતનગર, અમદાવાદ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ભિલોડા તાલુકાના ધનસોર ગામના ત્રણ નવયુવાનો બજાજ પલ્સર બાઈક ઉપર ભિલોડા તાલુકા મથક ખાતે કામકાજ અર્થે આવતા હતા તે દરમ્યાન સમી સાંજે કાર સાથે અકસ્માત સર્જાતાં બે યુવાનોનું અકસ્માત દરમ્યાન મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.

અરવલ્લી જીલ્લા યુવા-તુરી બારોટ સંગઠન સેવા ટ્રસ્ટનો દ્વિતીય સન્માન સમારોહ

અરવલ્લી, તા. ૧૦

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ દેવરાજ મંદિરની ભૂમિ પર રવિવારે અરવલ્લી જીલ્લા યુવા-તુરી બારોટ સંગઠન સેવા ટ્રસ્ટ દ્વારા સમગ્ર અરવલ્લી જીલ્લામાં અભ્યાસ કરતા સમાજના બાળકો માટે મફત ચોપડા-બેગ વિતરણ કાર્યક્રમ અને અભ્યાસમાં ઉજ્જવળ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ સહીત સમાજની પ્રતિભાઓનો સન્માન સમારોહ યોજાયો હતો.

અરવલ્લી જીલ્લા યુવા-તુરી બારોટ સંગઠન સેવા ટ્રસ્ટના સદસ્યો દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી અભ્યાસ કરતા બાળકોને "ચલો સ્કૂલ ચલે" અંતર્ગત ચોપડા-બેગ નું વિતરણ નિઃશુલ્ક કરવામાં આવે છે રવિવારે દેવરાજ ધામના પટાંગણમાં સમગ્ર જીલ્લામાં અભ્યાસ કરતા બાળકો અને વિદ્યાર્થીઓ અભ્યાસ અંગે રૂચી કેળવાય તેવા ઉમદા હેતુ થી મફત ચોપડા બેગ-વિતરણ કાર્યક્રમ અને અભ્યાસમાં ઉજ્જવળ દેખાવ કરનાર ધો.૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજી સિલ્વર ચંદ્રક દ્વારા સન્માનિત કરાયા હતા. સાબરકાંઠાના ડે.કલેક્ટર મુકેશ પરમાર,ડૉ.શૈલેષ તુરી (ફિઝિશિયન), સ્ત્રી રોગ નિષ્ણાત ડૉ. દક્ષા. એસ. તુરી, ડે.સેક્સન ઓફિસર (સચિવાલય) ચંદ્રકાન્ત નાયક,દેવરાજ ધામના મહંતશ્રી ધનેશ્વરગીરી મહારાજ, સંત શ્રી બાલકદાસ મહારાજ, લોક ગાયક ધવલ બારોટ, ચંદ્રબારોટ, જીવદયાપ્રેમી નિલેશ જોષી, વિનોદ પટેલ, મોડાસા નગરપાલિકા કોર્પોરેટર નિકેશ પરમાર, રેડિયો કલાકાર સવિતાબેન બારોટ, જયંતી બારોટ (પ્રમુખ,ગુજરાત તુરી વિકાસ પરિષદ) ની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુક્યો હતો , સમગ્ર કાર્યક્રમ જીલ્લા યુવા-તુરી બારોટ સંગઠનના પ્રમુખ ભરત જાદવ, મહામંત્રી સંજય બારોટ, ખજાનચી ગિરીશ બારોટ, ઉપ પ્રમુખ જયેશ બારોટ, સહમંત્રી કીર્તિ બારોટ, કલ્પેશ બારોટ, અરવિંદ બારોટ, ભીખાભાઈ બારોટ અને યુવા અગ્રણી પરેશ બારોટ સહિતના સદસ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી બેગ ના દાતા ભાનુ પરમાર (સાયરા) અને સિલ્વર મેડલ ના દાતા ગુરૂગાદી બાકરપુરા સંત શ્રી બાલકદાસ નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

અરવલ્લી જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનને મુખ્યમંત્રીના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરાયા

સાબરકાંઠા જીલ્લા વિકાસ અધિકારી દરમિયાન ડિજિટલ અને સ્માર્ટ વિલેજની કામગીરી અને ૫ વર્ષની શ્રેષ્ઠ કામગીરી માટે એવોર્ડ એનાયત

અરવલ્લી, તા. ૧૦

અરવલ્લી જીલ્લામાં એમ.નાગરાજનને જીલ્લા સમાહર્તા તરીકે નિયુક્ત થયા બાદ જીલ્લાનો વિકાસ વેગવંતો બન્યો છે.સાબરકાંઠા જીલ્લામાં વિકાસ અધિકારી તરીકે ફરજ દરમિયાન જીલ્લાને ડિજિટલ અને સ્માર્ટ વિલેજની કામગીરી ને કેન્દ્ર સરકારે નેટ પ્રોજેક્ટમાં ખાસ કિસ્સામાં સમાવેશ કરવા સહિતની ઉપલબ્ધીઓ પ્રાપ્ત કરતા અને જીલ્લાને ડિજિટલ અને સ્માર્ટ વિલેજ માટે સમગ્ર દેશમાં નામના અપાવી હતી તદઉપરાંત ૫ વર્ષની અલગ-અલગ ક્ષેત્રમાં સફળ કામગીરીને અનુલક્ષીને અરવલ્લી જીલ્લા સમાહર્તા એમ. નાગરાજનને મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે સન્માનપત્ર અને એવોર્ડ આપી સન્માનવામાં આવ્યા હતા આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ચીફ સેક્રેટરી જે.એન.સીંગ ની પણ વિશેષ ઉપસ્થિતિ હતી.

અરવલ્લી જીલ્લા કલેક્ટર એમ.નાગરાજને સાબરકાંઠા જીલ્લામાં વિકાસ અધિકારી તરીકે વર્ષ ૨૦૧૫-૧૬ માં કેન્દ્ર સરકાર અને રાજ્યસરકારના ડિજિટલ અને સ્માર્ટ પ્રોજેક્ટ અંતર્ગત આકોદરા ગામને સંપૂર્ણ ડિજિટલ અને તમામ વહેવાર કેશલેશ બનાવવામાં મહત્વપૂર્ણ કામગીરી કરી હતી ડિમોનિટાઈજેશ સમયે આકોદરા ગામને નોટબંધી અને નાણાકીય કટોકટી નો સામના માંથી મુક્તિ મળી હતી ઈડર તાલુકાના

દરામલી ગામને સ્માર્ટ વિલેજ અને મોબાઈલ ઈન્સ્પેક્શન સિસ્ટમ સાથે સાંકળવામાં આવ્યું હતું જિલ્લાની ૩૦ આંગણવાડી સ્માર્ટ નિર્માણ ઈ-શિક્ષક પ્રોજેક્ટ મારફતે ખેડબ્રહ્મા ના અંતરિયાળ વિસ્તારમાં ૫૦૦ શિક્ષકોને જોડી શિક્ષણનો સ્તર સુધારતા આ પ્રોજેક્ટને રાષ્ટ્ર કક્ષાએ ઈનોવેશન પ્રોજેક્ટ જાહેર કરવા માં આવ્યો હતો જિલ્લાના વિકાસ માટે થતા કામો ને મોબાઈલ અને જીપીએસ સાથે જોડી ૩ હજાર કરોડના કામોનું નિરીક્ષણ કરવામાં આવતા સરકારની ગ્રાન્ટ નો વપરાશ નિયમ પ્રમાણે થયો હતો જિલ્લાના અંતરિયાળ વિસ્તાર અને આદિવાસી ગ્રામ્ય વિસ્તારો ના વિકાસ માટે અને સમાર્ટ વિલેજ બનાવની સાથે ડિજિટલ બનાવવામાં સમગ્ર દેશ અને રાજ્યમાં અગ્રેસર રહેતા અને છેલ્લા ૫ વર્ષની ઉત્કૃષ્ઠ કામગીરીને અને અરવલ્લી જીલ્લામાં વિકાસના કામોને અનુલક્ષીને મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે શ્રેષ્ઠ જીલ્લા વિકાસ અધિકારીનો એવોર્ડ અને સન્માનપત્ર આપવામાં આવતા જીલ્લામાં આનંદ છવાયો હતો આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને રાજ્ય ચીફ સેક્રેટરી જે.એન.સીંગ ઉપસ્થિત રહ્યા હતા અને જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનની કામગીરીની સરાહના કરી હતી.

પ્રાંતિજ શ્રી વેરાઇ માતાના મંદિર ખાતે કથાનું આયોજન

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ શ્રી વેરાઈ માતા ના મંદિર ખાતે રાત્રીય કથા નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં શ્રી વંદના બહેન ગોસ્વામી દ્વારા કથા સાથે સાર સમજાવતાં યંત્ર યુગમાં પણ ધર્મ પ્રેમી લોકો સમય કાઢીને કથા સાંભળવા ઉમટી પડયા હતાં. પ્રાંતિજ ખાતે આવેલ નાની ભાગોળ ખાતે આવેલ શ્રી વેરાઈમાતાના મંદિર ખાતે રાત્રી કથાનું આયોજન મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા કરવામાં આવી છે તો ખેડબ્રહ્મા વાળા વંદના બહેન ગોસ્વામી દ્વારા તેમની આગવી શૈલીમાં ધર્મપ્રેમી લોકોને કથાનું રસપાન કરાવે છે તો કથા સાંભળવા આવતા ધર્મપ્રેમી ભાઈ-બહેનો ધાર્મિક જ્ઞાન લઈને ધન્યતા અનુભવી હતી તો શ્રી વેરાઈમાં મંદિર વ્યવસ્થાપકો દ્વારા શ્રી ભાગત જ્ઞાન કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.